# ષષ્ઠમ્ સંમેલનને મળેલ પ્રચંડ પ્રતિસાદ

ભટ્ટ મેવાડા બ્રહ્મસમાજના ઈતિહાસમાં તા.૦૯/૦૧/૨૦૧૧નો રવિવારનો દિવસ સુવર્ણઅક્ષરે અંકિત થશે. સને.૧૯૫૩ માં પંચમ સંમેલન બાદ ષષ્ઠમ્ સંમેલન વસંતકુંવરબા કન્યા વિદ્યાલય, દત્ત મંદિર પાછળ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે મળ્યું.

આ ષષ્ઠમ સંમેલનના પ્રમુખપદે શ્રી મહેન્દ્રકુમાર નાથાલાલ પુરોહિત (મેનેજીંગ ડિરેક્ટરશ્રી, પુરોહિત ગ્રુપ ઓફ કંપનીઝ, મુંબઈ), ઉદ્‌ઘાટક તરીકે શ્રી અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ ગૌરીશંકર વ્યાસ (જ્યોતીષાચાર્ય, નડીયાદ) મુખ્ય મહેમાન ડૉ.શ્રી સુમનચંદ્ર ડી.પંડયા સંમેલનના અતિથિવિશેષ તરીકે પ્રો. દેવેન્દ્રભાઈ વ્યાસ (બાંસવાડા), શ્રી સતીશભાઈ હરિશંકર જોશી (નાગાર્જુન ફાર્મા, અમદાવાદ), પ્રો.ડૉ.યોગેન્દ્ર ઋષિરાજ અગ્નિહોત્રી (રાયગઢ), શ્રીમતી ભાવનાબેન દવે ઉપસ્થિત રહ્યાં.

કાર્યક્રમની શરૂઆતમાં દત્તમંદિરથી પૂ.એકલિંગજી દાદાની શોભાયાત્રા નીકળી. જયઘોષ સાથે સૌ જ્ઞાતિજનો એમાં જોડાયાં. જે યાત્રા સંમેલનના સ્થળે આવીને સભામાં પરિવર્તિત થઈ. કાર્યક્રમની શરૂઆત શંખધ્વનિ અને બોલુન્દ્રાના ઋષિકુમારો-ના વેદગાનથી થઈ. શ્રી વિભાકરભાઈ ભટ્ટે મહેમાનોનું સ્વાગત કર્યું અને મહેમાનોના પરિચય અને પુષ્પગુચ્છ થી સ્વાગત બાદ અગ્નિહોત્રી શ્રી શુકદેવપ્રસાદ વ્યાસના હસ્તે દિપપ્રાગટ્યથી સંમેલનનું ઉદ્‌ઘાટન થયું. દીપપ્રાગટય, શંખધ્વનિ અને શ્રી એકલિંગજી સ્તુતિથી કાર્યક્રમ શોભાયમાન થયો. પરિચય અને સ્વાગત પછી શ્રી રમેશભાઈ જોશી એ ષષ્ઠમ્ સંમેલનની ભૂમિકા બાંધી હેતુ સ્પષ્ટ કર્યો. સૌને આવકાર આપી સંમેલનના મુદ્દાઓ અને જ્ઞાતિની ભાવિ જરૂરિયાતો પર ભાર મૂકયો. સંમેલનના અતિથિવિશેષ તરીકે હાજર રહેલ સર્વશ્રી પ્રા.દેવેન્દ્રભાઈ વ્યાસ, શ્રી સતીશભાઈ જોશીએ સંમેલનને શુભેચ્છાઓ આપીને વધાવ્યો હતો. પોતાના સંક્ષેપ પ્રવચનોમાં આ સંમેલન અને તે દ્વારા સમાજને પ્રગતિને પંથે લઈ જવો તે સામાન્ય સૂર રહ્યો. પ્રા. યોગેન્દ્રભાઈ અગ્નિહોત્રીએ ભટ્ટ મેવાડા બ્રાહ્મણોને એક મંચ પર લાવવાના કામને બિરદાવી બ્રહ્મતેજ બળવત્તર બનાવવા માટે વાત કરી. વ્યક્તિ વિકાસ અને રોજીંદી ઉપાસના પર ભાર મૂકી પોતાના કર્તવ્ય વિશે જણાવ્યું.

ઉદ્‌ઘાટકશ્રી શુકદેવપ્રસાદ ગૌ. વ્યાસે સંમેલનને સમાજના ઉત્કર્ષરૂપ ગણાવીને સંગઠન અને એકતા ઉપર ભાર મૂકયો. મુખ્ય મહેમાનશ્રી ડૉ.સુમનચંદ્ર ડી.પંડયાએ શુભેચ્છા પ્રવચન આપ્યું. શ્રી મહેન્દ્રભાઈ પુરોહિત સંમેલનના પ્રમુખપદેથી આપેલ

## સમયદાન કરીએ સાથે સાથે દરેકને મદદ કરીએ : દેવેન્દ્રભાઈ વ્યાસ

## સંમેલન અદ્‌ભૂત હતું : અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ વ્યાસ

### તંત્રી સ્થાનેથી....

બહુજન હિતાય, બહુજન સુખાયની ઉમદા ભાવનાથી સમાજને સંગઠીત કરવાના વિચારને વહેતા મૂક્યા પછી જે જ્ઞાતિબંધુઓન માનવ મહેરામણ ષષ્ઠમ સંમેલન ઉમટ્યો એ જ્ઞાતિના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

અભૂતપૂર્વ અદ્‌ભૂત, અવિસ્મરણીય, અદ્વિતીય, અજોડ એકતાનાં દર્શન ભવ્ય, અતિ ભવ્ય, ભવ્યાતીભવ્ય રહ્યાં. કંઈ કરી છૂટવાની લાગણી મારા-આપણાપણાની ભાવના શબ્દોથી વ્યક્ત ન થઈ શકે તેવી ઉમદા આંધી વર્તાયી જે દુર્ગમ તળેટીમાં વસતા એકલિંગજી દાદાને આખા દિવસ દરમ્યાન હજરાહજુર હાજર રહી કૈલાસપુરીથી પધારી આશીષ આપતા રહેવું પડ્યું.

સંમેલનનનો સંદેશો ઘરે ઘરે પહોંચાડીને, લોકસમૂહમાં નવચેતનાને ઢંઢોડવાનો, પ્રવાહને પ્રોત્સાહિત કરવાનો, જાગૃતિનો શંખધ્વની ગૂંજતો કર્યો એ પાવન કાર્યના હકદાતા હિંમતનગરના સર્વે સમાજના કાર્યકરોનો સો સો સલામ.

નવચેતના - નવજાગૃતિનાં વધામણાં આપણે કરી ચૂક્યા છીએ. આવી રહેલા દિવસો આપણા સમાજના પ્રગતિના હશે એમાં કોઈ શંકા નથી.

આ ભટ્ટ મેવાડા ભાગીરથી અવતરી ચૂકી છે. ત્યારે આ પ્રચંડ પ્રવાહ સમાજનો ઉદ્ધારક બની રહે અને વર્ષો સુધી પાવન કરતો રહે એવી એકલિંગજી દાદાને પ્રાર્થના. આ પાવન ગંગામાંથી જે જ્ઞાતિજનો આચમન નથી કરી શક્યાં તેમને કાયમ રંજ રહેશે.

જય એકલિંગજી.

- તંત્રી

## ગામે ગામથી ઉમટ્યો માનવ મહેરામણ

વકતવ્યમાં સમગ્ર સમાજને ઉજજવળ પંથે દોરી જવાની હાકલ કરીને ઉચ્ચ અભ્યાસ અને વિશિષ્ઠ જ્ઞાન પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાની અને આવા વિદ્યાર્થીઓને મદદ કરવાની સલાહ આપી. 'ખાસ કોર્પસ ફંડ'ની રજૂઆત કરી. સૌ જ્ઞાતિજનોને તન,મન,ધનથી સંપૂર્ણ સાથ અને સહકાર અવિરત રહેશે એવી ખાતરી આપી. આ ઉપરાંત શ્રી દિનેશભાઈ દ્વિવેદી (બાંસવાડા), શ્રી વિનાયકભાઈ પંડયા (હિંમતનગર) સૌ એ પ્રાસંગિક પ્રવચનો દ્વારા સમાજની સ્થિતિ અને સંમેલનની પ્રાસંગિકતાનો ચિતાર રજૂ કરેલ.

મધ્યાહ્નકાલે સૌ જ્ઞાતિજનોએ ભોજનનો આ સ્વાદ લીધો. ભરાબર ૨.૩૦ વાગે સંમેલનનો પુનઃ પ્રારંભ થયો.

ભોજન ઉપરાંતના સંમેલનમાં સૌ પ્રથમ પ્રા.વિક્રમ જોશીએ શિક્ષણની દશા અને દીશા રજૂ કરી. તદ્ વિષયક ચિંતનને માટે ભૂમિકા બાંધી આપી. પ્રા.હિમાંશુ દીક્ષિતે શિક્ષણ સુવિધાની વાત રજૂ કરી આપણા સમાજના વિદ્યાર્થીઓ કેવી રીતે લાભાન્વિત થાય તે વિચાર રજૂ કર્યો. શ્રી સંજય જોશી (નાયબ કલેકટરશ્રી, મોડાસા)-એ શિક્ષણની વિવિધ અને કેવી રીતે આપણો વિદ્યાર્થી તથા માતાપિતા એમાં જોડાઈ શકે એ વિચાર વહેતો કર્યો. શ્રી ભાસ્કરભાઈ ગવૈયે હાલની સાંપ્રત પરિસ્થિતિમાં શિક્ષણ અને વિશિષ્ટ જ્ઞાનની જરૂરીયાત ઉપરભાર મૂક્યો. ચીલાચાલુ ભણતરથી બહાર નીકળી વિદ્યાર્થીઓને પ્રગતિરૂપી જ્ઞાનની ભલામણ કરી. પોતાના અનુભવોને આધારે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ.

આરોગ્ય વિષયક વિચારોની પ્રસ્તાવના ડૉ.શૈલેશભાઈ ગોરે રજૂ કરી. મેડિકલ સહાય ફંડ ઊભું થાય સમાજના સર્વે જ્ઞાતિજનો સુધી આ સહાય પહોંચે તેવી યોજનાઓનો વિમર્શ કર્યો.

શ્રી ભરતભાઈ પંડયાએ આર્થિક રીતે નબળા વ્યક્તિ અને પરિવારને માટે આર્થિક સહાય ફંડ ઊભું કરવાની વાત રજૂ કરી. જેથી પગભર થવાય કે લોન પેટે સહાય મળી શકે.

સામાજિક રીવાજો અંગે શ્રી મહેન્દ્રભાઈ ભટ્ટે રજૂઆત કરી. જનોઈ, લગ્ન અને મરણોપરાંતના આપણા રીતરીવાજોને નવેસરથી તપાસવા પડશે. બિનજરૂરી ખોટા ખર્ચાઓ, નીતિ-નિયમોને અંગે નવેસરથી મૂલવવાની વાત રજૂ કરી. શ્રી દેવેન્દ્રભાઈ દ્વિવેદીએ સમાજની એકતા ઉપર અને સામાજીક વ્યવહારો વધે તે ઉપર ભાર મૂક્યો. આ ઉપરાંત શ્રી જયંતભાઈ જોશી, શ્રી તપનભાઈ વૈદ્ય, શ્રી રમેશભાઈ જોશી, શ્રી મહેન્દ્રભાઈ જોશી વગેરે પ્રાસંગીક પ્રવચન કર્યા હતાં.

આ સમગ્ર ચર્ચા-વિચારને સંક્ષેપમાં આ રીતે સૂચિત મુદ્દા સ્વરૂપે મૂકી શકાય.

૧. જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ફંડની રચના અને યુવા શક્તિનો વિકાસ, યુવા ધનના ચારિત્ર્ય ઘડતર અને નોકરી વાંચ્છુઓને ઉપયોગી થાય તેવા કાર્યક્રમ.
૨. જ્ઞાતિના આર્થિક રીતે નબળા, વિધવા અને અસહાય લોકોને સ્વમાનભેર જીવવા માટે આર્થિક વિકાસફંડ.
૩. ગંભીર રોગો માટે મેડીકલ સહાય યોજના તથા મૃત્યુ સહાય યોજના.
૪. વ્યસનમુક્તિ અભિયાન.
૫. બ્રહ્મતેજ-ભટ્ટમેવાડાની આગવી અને અલગ ઓળખ ઊભી થાય તે માટે વિચારણા.
૬. સમાજના પ્રશ્નો અને તેનો ઉકેલ, સામાજિક રીતરિવાજોના પુનઃવિચાર અંગે.
૭. સરકારી યોજનાઓનો લાભ જ્ઞાતિજનોને મળે તે માટેની કાયમી અને અસરકારક વ્યવસ્થા.

સભામાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ અનુમોદન આપીને આ દિશામાં કાર્યોન્વિત થવાને સંમતિ આપી હતી. કાર્યક્રમનું સંચાલન શ્રી મહેશભાઈ જોશીએ કર્યું. અંતે આભારવિધી શ્રી નવનીતભાઈ ભટ્ટે રજૂ કરી. કાર્યક્રમ પૂર્ણાહુતી પ્રસંગે પૂ.એકલિંગજી દાદાની આરતી કરવામાં આવી. સૌ જ્ઞાતિજનોએ એક સાથે મીણબત્તીઓ પ્રગટાવી ત્યારે શમિયાણામાં ભવ્ય અને દિવ્ય વાતાવરણનો અદ્‌ભુત સમન્વય સર્જાયો. ગુજરાતના ખૂણેખૂણેથી તથા મુંબઈ અને રાજસ્થાન જેવા સ્થાનેથી ઘણી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો નોંધાયેલ હતા. શ્રી સતીશભાઈ જોશી તરફથી આ ઉપસ્થિત સર્વે જ્ઞાતિજનોને શુભેચ્છાપ્રતીક સ્વરૂપે ઘડિયાળ (wall-clock) ની ભેટ આપવામાં આવી. જેમાં પૂ.એકલિંગજી દાદાનો ફોટો અને 'નાગાર્જુન ફાર્મા.'નું નામ સુશોભિત છે. શ્રીમતી શાન્તાબેન શંકરલાલ ઉપાધ્યાય વતી શ્રી તારકભાઈ ઉદ્યાધ્યાયે ભોજન ખર્ચની સહાય આપેલ.આ સમગ્ર કાર્યક્રમ આનંદ અને ઉમંગના વાતાવરણમાં સંપન્ન થયો. જ્ઞાતિજનોમાં એક નવસંચારની લહેર જોવા મળી. આ પ્રસંગે આપણા સમાજના વિવિધ સ્વજનો દ્વારા ઉદાર હાથે ફાળો મળેલ છે. આ ષષ્ઠમ સંમેલનને સફળ બનાવવાને માટે હાજર રહેલ જ્ઞાતિજનો તથા સર્વે સમાજના આગેવાનો સર્વ અભિનંદનને પાત્ર છે.

એક બાબત વિશેષ નોંધનીય છે કે આખોય કાર્યક્રમ સંપૂર્ણ થયો અને સાયં ભોજન સુધી સૌ જ્ઞાતિજનોની સક્રિય ઉપસ્થિતિ રહી, જે માટે ભટ્ટ મેવાડા સમાજના સર્વે જ્ઞાતિજનો પ્રશંસાને યોગ્ય છે. જય એકલિંગજી....

**અહેવાલ : પ્રા. વિક્રમ જોશી.**

**વર્ષમાં એક દિવસની આવક સમાજને આપો : રમેશભાઈ જોશી**

# સંમેલનના અતિથિઓના વક્તવ્યના અંશો

ભટ્ટ મેવાડા જન પ્રગતિ કરે છે પણ સમાજને ભૂલતો નથી.

આજે દોડવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ સંમેલન દ્વારા આપણા ભાઈઓ, સભ્યો, જોડીદારોને સાથે લઈને દોડીશું અને સંકલ્પ કરીએ કે એકબીજાના સાથ-સહકાર વિના નહિ ચાલે.

- વિભાકરભાઈ ભટ્ટ, ઉપપ્રમુખ

□

સમાજ વ્યક્તિઓનો સમૂહ છે જ્યાં સુધી વ્યક્તિની પ્રગતિ ન થાય ત્યાં સુધી સમાજની પ્રગતિ થવાની નથી.

વ્યક્તિનું ધ્યાન રાખીએ એ મહત્વની બાબત છે અને વ્યક્તિ માટે સદ્‌ભાવ ઉભો થાય તે માટે સાથે બેસી ચિંતન કરવાની જરૂર છે.

પંચમ સંમેલનની ફલશ્રુતિ અમદાવાદનું છાત્રાલય છે.

છાત્રાલયથી સમાજના વિદ્યાર્થીઓને ઘણો મોટો ફાયદો થયો છે.

જુદા જુદા મંડળો એક છત્રછાયા નીચે હોય તે રીતે ફેડરેશનની વ્યવસ્થા ગોઠવવી, ભંડોળ, આર્થિક વિઝન, મોટી રકમ થઈ શકે.

બે ટર્મથી વધારે પ્રમુખ ન રહી શકે. કાર્યવાહક સમિતિમાં રહી શકે. ઉપપ્રમુખ, પ્રમુખ થાય.

સંમેલનમાં આકર્ષણ : મેડીકલ કેમ્પ, લેબોરેટરી - બ્લડ ટેસ્ટ

ગ્રુપ ઈન્સ્યુરન્સ સસ્તો પડે.

- ડૉ. સુમનચંદ્ર પંડ્યા

□

આ સંમેલન ખરેખર અદ્‌ભૂત થયું છે

વિદ્વાન માણસો ભેગા ન થઈ શકે પણ આજે આપણે થયા છીએ તે ભગવાનની કૃપા છે

ભટ્ટ મેવાડા ક્રેડીટ સોસાયટી બનાવવી

સમાજની ડીરેક્ટરી બનાવવી

શિક્ષણ અને આરોગ્ય માટે લોન આપવી

આપણે કહેવા પૂરતા બ્રાહ્મણો રહ્યાં છીએ માટે ઉપાસના તરફ જવું જોઈએ

-અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ વ્યાસ

□

સમાજ વ્યક્તિઓનો સમૂહ છે જ્યાં સુધી વ્યક્તિની પ્રગતિ ન થાય ત્યાં સુધી સમાજની પ્રગતિ થવાની નથી.

વ્યક્તિનું ધ્યાન રાખીએ એ મહત્વની બાબત છે અને વ્યક્તિ માટે સદ્‌ભાવ ઉભો થાય તે માટે સાથે બેસી ચિંતન કરવાની જરૂર છે.

પંચમ સંમેલનની ફલશ્રુતિ અમદાવાદનું છાત્રાલય છે.

છાત્રાલયથી સમાજના વિદ્યાર્થીઓને ઘણો મોટો ફાયદો થયો છે.

૧૯૫૦માં ચતુર્થ સંમેલનમાં શ્રીમાન ચીમનલાલ ભટ્ટે તથા ૧૯૫૩માં પંચમ સંમેલનમાં શ્રીમાન જટાશંકર ઝવેરીએ જે વાત કરી રહી તે જ વાત હું કરવા માંગુ છું. ડૉ. જ. યુ. મહેતા પંચમ સંમેલનના ઉદ્‌ઘાટકે પણ આ જ વાત કરી હતી અને ૧૯૫૫માં છાત્રાલયના ઉદ્‌ઘાટન વખતે ઉદ્‌ઘાટક પ્રમુખ શ્રી ગૌરીશંકર વ્યાસે પણ આજ વાત કહી હતી.

વાત એ ક જ હોય તો આટલા વર્ષો પછી પણ ફરી વાત કેમ કહેવી પડે ?

આપણે વ્યક્તિગત જિંદગીમાં અને સમાજની જીંદગીમાં અનુભવીએ છીએ કે જે વ્યક્તિ કે સંખ્યા સાથે વારંવાર મળતા હોઈએ છીએ, વિચાર-વિમર્શ કરતા હોઈએ છીએ ત્યારે આપણા સંબંધો એની સાથે મજબૂત બનતા હોય છે.

સમાજ પણ સમયાંતરે ભેગો થાય અને પોતાના પ્રશ્નો માટે ચર્ચા કરે તો સમાજ વધુ મજબૂત થાય છે, વધુ પ્રગતિ કરે છે.

આજે જાગતાને જગાડવાનો કાર્યક્રમ છે.

સમાજ માટે ફંડ ઉભુ કરવા વ્યક્તિ જે કમાણી કરહી તોય તેમાંથી ૩૬૪ દિવસની કમાણી પોતે વાપરે અંને એક દિવસની કમાણી સમાજને આપે.

આ આવક પછી ભલે એક રૂપિયો પાંચ રૂપિયા, પાંચશો, હજાર કે એક લાખ રૂપિયા હોય.

સમયાંતરે મળવાથી ભાતૃભાવ મજબૂત બનશે.

આજે શિક્ષણ, આરોગ્ય, આર્થિક સહાય, યુવા શક્તિનો વિકાસ, નોકરીઓમાં માર્ગદર્શન વગેરે માટે દરેક સમયદાન આપવું પડશે.

- રમેશભાઈ જોશી (પ્રમુખ)

□

બુદ્ધિમાનોને એકત્ર કરવાનું કામ ખૂબ જ કઠીન છે અને આજના આયોજકોએ કામ કર્યું તે બદલ અભિનંદનના અધિકારી છે.

સમાજની પરિવાર કલ્યાણની યોજના બનાવી છે તે માટે ખૂબ અભિનંદન.

વિશ્વના અન્ય દેશોમાં સરકાર જ સામાજીક સલામતી આપે છે. આપણા દેશમાં તેવું નથી. આ યોજનાને આપણે સ્વીકૃતિ આપીએ અને એમાં સહભાગી થઈએ.

- શ્રીમતી ભાવનાબેન દવે (અતિથિવિશેષ)

□

રાજસ્થાનના જુદા જુદા જીલ્લાઓમાંથી હાજર રહ્યાનો આનંદ થાય છે.

ભટ્ટ મેવાડાની પહેચાન - પરાક્રમ

ભટ્ટ મેવાડા પાસેથી સમાજને માર્ગદર્શનની અપેક્ષા હોય છે. પંરતુ આજે તેમ થતું નથી.

કોમ્યુનીકેશન હોય - પ્રથમવાર આવવાનો અવસર આપ્યો છે તે બદલ આભાર. અવાર-નવાર મળવાનું થાય. તો સમન્વય થઈ શકે.

ફક્ત મળીએ નહિ વિચારથી સક્ષમ બનીએ. યોજઆઓને કાર્યાન્વિત કરવા સંકલ્પ કરીએ.

સમયદાન કરીએ સાથે સાથે દરેક રીતે મદદ કરીએ.

- દેવેન્દ્રભાઈ વ્યાસ - અતિથિવિશેષ

□

આજનો સમારંભ ભવ્ય છે.

સમાજનો ઉદ્ધાર અને ભણેલા-ગણેલા અને વિવિધ ક્ષેત્રોમાં પારંગત વ્યક્તિઓ ઉપર અવલંબે છે.

બેઝીક શિક્ષણ પછી, વિશિષ્ટ શિક્ષણ મેળવ્યા પછી આપણા બાળકો આગળ આવે તે માટે તેમની આંગળી પકડવી જોઈએ.

યોગ્યતા વગર નોકરી મેળવવી અશક્ય છે, આપણા યુવાનોને નોકરીઓ માટે તૈયાર કરો પંચવર્ષીય યોજના મુજબ સતત પ્રયત્ન કરવાથી પરિણામ જરૂર મળશે.

પોતાના દ્રવ્યમાંથી થોડું દ્રવ્ય તથા થોડો સમય જ્ઞાતિ માટે ફાળવો

- મહેન્દ્રભાઈ પુરોહિત (પ્રમુખ)

બ્રહ્મતેજ - બ્રાહ્મણત્વ ભટ્ટ મેવાડામાં પુનઃ સ્થાપિત થાય તે માટે મમ કર્તવ્યમં નામની પુસ્તિકા આપી છે તેનો અભ્યાસ કરીએ અને બ્રહ્મતેજ મેળવવા પ્રયત્નશીલ બનીએ

વ્યક્તિવિકાસ માટે ઉપાસના જરૂરી છે

- યોગેન્દ્રભાઈ અગ્નિહોત્રી

### સંમેલનની સાથેસાથે

- ગુજરાતનાખૂણેખૂણેથી ઉમટયો જ્ઞાતિજનોનો માનવ મહેરામણ
- સંમેલનનો સમય ૧૦.૦૦ નો હતો, જ્ઞાતિજનો ૮.૦૦ વાગ્યાથી આવવા શરૂ થયા.
- દત્તમંદિરે મહેમાનો આવતાં ભગવાન દત્તાત્રેયના દર્શન કરી શોભાયાત્રા એક દો તીન ચાર એકલિંગજીનો જયજયકાર ના નારા સાથે શરૂ થઈ.
- શોભાયાત્રામાં સમારંભના પ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ, ઉદઘાટક શ્રી સુખદેવપ્રસાદ, ડૉ.સુમનચંદ્ર પંડયા, શ્રી યોગેન્દ્ર અગ્નિહોત્રી, શ્રી મતિ ભાવનાબેન, શ્રી સતીશભાઈ જોશી, શ્રી રમેશભાઈ જોશી, શ્રી વિભાકરભાઈ ભટ્ટ વગેરે જોડાયા.
- એકલીંગજીદાદાનો જય ઘોષ કરતાં શોભાયાત્રા સંમેલન સ્થળે આવી પહોંચી.
- સંમેલન સ્થળે સર્વે મહાનુભાવોનું ચંદનનું તિલક અને ગોળધાણા વડે કુ.વ્યોમાં ભટ્ટ, કુ.ભાર્ગવી દિક્ષીત, કુ.નિકીતા જોશી વગેરે સ્વાગત કર્યુ.
- શોભાયાત્રા આવી પહોંચતાં મોટી સંખ્યાંમાં ઉપસ્થિત જ્ઞાતિજનોએ ઉભા થઈ યાત્રાનું સ્વાગત કર્યુ અને પૂજય દાદાનું સ્થાપન કરવામાં આવ્યું. શ્રી અમૃતભાઈ ઉઘાધ્યાયે ધૂન બોલાવી વાતાવરણને એકદમ ધાર્મિક બનાવી દીધું.
- સંમેલનની શરૂઆત શંખધ્વનિથી કરવામાં આવી.
- સંમેલનમાં સૌના મોઢે એક વાત - ભટ્ટમેવાડા જનની એકતા, અંખડિતતા મજબૂત બને.
- સંમેલનના દીપપ્રાગટ્યથી ઉદઘાટન બાદ રાયગઢના વતની એવા શ્રી અરવિંદભાઈ પંડયા રચિત એકલીંગજી સ્તુતી ગવાતાં સૌએ ઉભા થઈ સ્તુતીનું ગાન કર્યુ.
- શ્રી મહેશભાઈ દિક્ષીતે રજૂ કરેલ કાવ્યથી હાજર જ્ઞાતિજનોમાં એક જુસ્સો પેદા થયો.
- કાર્યક્રમની સાથેસાથે દાનની સરવાણી પણ વહેતી રહી અને શ્રી જશુભાઈ ભટ્ટ વગેરેએ જ્ઞાતિજનોને દાન માટે પ્રેર્યા.
- સંમેલનમાં તાત્કાલ રજીસ્ટ્રેશન ૬૦૦ કરતાં વધુંનું થયું જે ધારણા કરતાં ઘણું વધારે હતું.
- સંમેલનમાં અમદાવાદ, ગાંધીનગર, માણસા, દહેગામ, કલોલ, હિંમતનગર, રાયગઢ, બોલુન્દ્રા, દાવલી, પાલ્લા, ભિલોડા, ઈડર, જાદર, દેરોલ, ઉમેદગઢ,કુકરવાડા, વિજાપુર, આસોડા, દગાવાડીયા, હીરપુરા, ગોધરા, દાહોદ, રણાસણ, પાલનપુર, મહેસાણા, નડીયાદ, આણંદ, ખેડા, રઢુ, વલ્લભવિદ્યાનગર, વડોદરા, લુણાવાડા, ભરૂચ,સુરત,મુંબઈ, અલિણા, મહુધા, વ્યાસવાસણા, રાજપીપળા, સાંઠબા, ઓઢા, મોડાસા, દેશોતર, પીપળજ, મુબારકપુર, વસતાણા, પાટણ, લીંભોઈ અને રાજસ્થાનથી ડુંગરપુર, બાંસવાડા, કણબા, ઉદેપુર, પીઠ અને આજુબાજુના ગામો સહિતના ગામોમાંથી જ્ઞાતિજનો હાજર રહ્યાં હતા.

# સંમેલનમાં નીચે મુજબ ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યા.

**૧** ભટ્ટ મેવાડાજનોના જુદા જુદા મંડળો રાજ્યમાં અને રાજ્ય બહાર કામ કરે છે. આ મંડળોની કામગીરી હાલમાં અલગ અલગ થાય છે. સમાજના વિકાસની દિશા એક રહે, કામગીરીમાં એકસૂત્રતા રહે, સંગઠન મજબૂત બને વિશાળ ફલક પર કામગીરી થાય તે માટે એક ફેડરેશનની રચના કરવી જરૂરી છે. આ હેતુથી આ સંમેલનમાં શ્રી અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ફેડરેશનની રચના કરવા ઠરાવવામાં આવ્યું.

**૨** આ ફેડરેશનની રચના થાય દરમ્યાનમાં કામગીરી આગળ હાથ ધરી શકાય તે માટે શ્રી અખિલ હિંદ ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ, ષષ્ઠમ સંમેલન માટેની એડહોક સમિતિ તા. ૧૯-૧૨-૨૦૧૦ના રોજ બનાવવામાં આવી છે તેને બહાલી આપવાનું ઠરાવવામાં આવ્યું.

**૩** સમાજનું સંમેલન દર ત્રણ વર્ષે યોજવામાં આવે તેમ ઠરાવવામાં આવ્યું.

**૪** સમાજના બાળકો, વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓ, યુવક-યુવતીઓ પોતાની વિદ્યા દ્વારા દેશના સૂત્રધાર બને તેવું આયોજન થઈ શકે તે માટે સમસ્ત ભટ્ટ મેવાડા વિદ્યોતેજક યોજના સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

**૫.** આર્થિક રીતે નબળા કુટુંબોને મદદરૂપ થવાના આશયથી સમસ્ત ભટ્ટ મેવાડા આર્થિક સહાય યોજના સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

**૬.** બિમાર પડવું તે આજની મોંઘી સારવાર લઈને અભિશાપ જેવું છે. મોટો ખર્ચ થાય છે તેવી નક્કી કરેલ બિમારીઓમાં યોજનાના સભ્યોને મદદરૂપ થઈ શકાય તે માટે સમસ્ત ભટ્ટ મેવાડા સમાજ પરિવાર કલ્યાણ (બિમારી) સહાય યોજના સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

**૭.** કુટુંબના સભ્યના અવસાનથી આવી પડેલ દુઃખને સહન કરવામાં યોજનાના સભ્ય બનેલ જ્ઞાતિજનને આર્થિક રીતે સહાયભૂત થઈ શકાય તેવા હેતુથી સમસ્ત ભટ્ટ મેવાડા સમાજ પરિવાર કલ્યાણ (મૃત્યુ) સહાય યોજના સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.

**સમાજનું ચતુર્થ સંમેલન મુંબઈ ખાતે તા.૨૨મી જાન્યુઆરી, ૧૯૫૦ ના રોજ મુંબઈ ખાતે મળેલ હતું. આ સંમેલનના પ્રમુખ શ્રી ચીમનલાલ માધવલાલ ભટ્ટ, ઈલોલવાળા બિરાજમાન હતા. અધ્યક્ષપદેથી તેઓએ આપેલ ભાષણના અંશો રજુ કરેલ છે.**

જ્ઞાતિ સેવાના કાર્યોમાં હું કેળવણીને ઘણું મહત્વનું સ્થાન આપું છું. આપણી જ્ઞાતિના બાળકોને કેળવણી લેવામાં કેટલી મુસીબત પડે છે તે મેં જાતે અનુભવ્યું છે. અને તેથી જ જ્ઞાતિના સેવાક્ષેત્રમાં મેં ઝંપલાવ્યું છે. મારા વ્યાપારી જીવન દરમિયાન મેં અનુભવ્યું છે કે દરેક ક્ષેત્રમાં ઉચ્ચ કેળવણીની જરૂરીયાત છે અને તેથી આપણી જ્ઞાતિમાં કેળવણીનો વધુ પ્રચાર થાય તેનો હું હિમાયતી છું.

બીજી જ્ઞાતિની પ્રવૃત્તિઓ જોતાં આપણે હજુ ઘણાજ પાછળ છીએ. આજે જ્ઞાતિમાં ઉચ્ચ કેળવણીથી ઘણી જ આવશ્યકતા છે. કેળવણી વગર જ્ઞાતિની ઉન્નતિ અશકય છે. ઘણા વિદ્યાર્થીઓને આર્થિક સહાય વગર અભ્યાસ અધુરો રાખી નોકરી ધંધે વળગી જવું પડે છે જેથી ગમે તેવા તેજસ્વી વિદ્યાર્થીઓની પ્રગતી કુંઠીત થઈ જાય છે એટલે પહેલી તકે જ્ઞાતિના વિદ્યાર્થીઓ સંપૂર્ણ શિક્ષણ લઈ શકે એવી સગવડ હોવી જોઈએ.

કોઈએ એમ પણ નથી માનવાનું કે માત્ર મંડળજ છાત્રાલય બાંધી શકે. કોઈ વ્યક્તિ સ્વતંત્ર અને વ્યક્તિગત સેવા કરતા શક્તિમાન હોય તો વ્યક્તિગત રીતે પણ છાત્રાલય બાંધી સેવા કરી શકે છે. કેળવણીનો પાયો જો મજબુત થાય તો જ્ઞાતિની આર્થિક અને સામાજીક સ્થિતિ સુધરતાં વાર ન લાગે, અને બધાં કાર્યો સરળાતાથી પાર પડે. મારું તો મક્કમ રીતે એવું માનવું છે કે અત્યારે બધું જ લક્ષ કેળવણી પાછળ જ હોવું જોઈએ.

કેળવણી સાથે સામાજીક કાર્યોમાં પણ સુધારા કરવાની ઘણી જ જરૂર છે. આજે આપણે જુદા જુદા નાના મોટા વાડોઓમાં વેરાએલા છીએ, એના સમજ પૂર્વકના એકીકરણની પણ ખાસ જરૂર છે, અને એના પહેલા પગલાં તરીકે આવાં સમેલનો ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. સમંલનોથી આપણે એકબીજાની નજીક આવીએ છીએ, ઓળખીએ છીએ અને સમગ્રની ભાવના કેળવતા થઈએ છીએ મને તો એમ લાગે છે કે, આવાં સંમેલનો અને પરિષદો દ્વારા આપણે આપણાં નાનાં નાનાં વર્તુળોને એકત્ર કરી સમગ્ર જ્ઞાતિને એક વિશાળ સમુહ જેવી કરી શકીશું.

આજ સુધીમાં આ પહેલા આપણી જ્ઞાતિનું ત્રણ સંમેલનો ભરાઈ ગયાં તે બધાં એક બીજાથી વધુ પ્રેરક અને યશસ્વી નીવડયાં છે, અને જ્ઞાતિં નવાં જોમનો સંચાર અને જુસ્સો ઉત્પન્ન થયો છે જેથી મારૂં એવું માનવું છે કે, જ્ઞાતિનું સંમેલન ભરાયું જોઈએ, પ્રતિવર્ષે ભરાવું જોઈએ, અવશ્ય ભરાવું જોઈએ જ્ઞાતિના જુદાં જુદાં કેન્દ્રોમાં ભરાવું જોઈએ કે જેથી જ્ઞાતિના ખૂણેખૂણામાં જ્ઞાતિ હિતનો સંદેશો પહોંચી શકે-જનતામાં જાગૃતિ આવે.

જન્મ્યું છે એનું મૃત્યુ તો નિર્ણિત છે જ, મોડું કે વહેલું જવાનું જ છે.

તા.૯/૧/૨૦૧૧ના રોજ ગાંધીનગર ખાતે ષષ્ટમ સંમેલન યોજાઈ ગયું. આ સંમેલનમાં ભાગ લેનાર જ્ઞાતિજનોએ એ અગાઉના સંમેલનોમાં આગેવાનોના જે વિચારો વ્યક્ત થયા હોય, કાર્યવાહીની વિગતો હોય તો નવી પેઢી સમક્ષ મૂકવી જોઈએ તેવું સૂચન કરેલ હતું. આ સૂચનનો સ્વકાર કરીને અમારી પાસે ઉપલબ્ધ માહિતી/સાહિત્યના આધારે વિગતો આપવાનું શરૂ કરેલ છે. જ્ઞાતિજનો પાસે આવી વિગતો હોય તો તેઓશ્રીને મોકલી આપવા વિનંતી છે.

## જાહેર આભાર

**સમગ્ર જ્ઞાતિ માટેના શ્રેય યજ્ઞ સમું, જ્ઞાતિના ઉત્કર્ષના ઇતિહાસનું એક સીમાચિહ્ન સમું અને ભવિષ્ય તરફ દ્રષ્ટિ રાખી ૨૧મી સદીમાં ભાવી પેઢીના વિકાસ માટે પોષક તત્ત્વનું વાવેતર કરવા માટેના સોનેરી અવસર સમાન સમસ્ત ભટ્ટ મેવાડાજનોના સાથ-સહકારથી સમસ્ત સમસ્ત ભટ્ટ મેવાડા જ્ઞાતિનું છઠ્ઠું સંમેલન તા. ૯-૧-૨૦૧૧, રવિવારે ગાંધીનગર ખાતે યોજાઇ ગયું.**

**ઘણા વર્ષોના લાંબા અંતરાલ બાદ મળેલ જ્ઞાતિના આ સંમેલનમાં ગુજરાતન ગામે-ગામથી રાજસ્થાનના ગામોમાંથી અને મુંબઇ વગેરે શહેરોમાંથી જ્ઞાતિજનોએ ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહી અમારામાં જે વિશ્વાસ મૂક્યો છે તથા ભવિષ્યમાં કામ કરવાની જે દિશા આપી છે તે માટે સૌ જ્ઞાતિજનોનો મધ્યસ્થ સમિતિ વતી આભાર માનું છું.**

**સંમેલનમાં સમાજના વિકાસ અને ઉત્કર્ષની વિવિધ યોજનાઓને મંજૂરી આપીને જ્ઞાતિના ઉત્કર્ષની ગતિને વધારે તેજ બનાવી ઉજ્જવળ ભટ્ટ મેવાડા જનનું સર્જન કરવા માટે ઐતિહાસિક ક્ષણોના ભાગીદાર બનનાર સૌ જ્ઞાતિજનો અભિનંદનના અધિકારી છે. સંમેલન પછી અમારી જવાબદારી વધી છે અને આ જવાબદારી પૂરી કરવામાં ઈષ્ટદેવ શ્રી એકલિંગજી દાદા અને કુળદેવી શ્રી મા કાત્યાયીની શક્તિ અને બળ આપશે અને તમારા સૌનો સાથ-સહકાર સદાય મળી રહેશે તેવી શ્રદ્ધા અને વિશ્વાસ છે.**

**ફરથી સૌને જય એકલિંગજી**

**- રમેશભાઈ જોશી**

સ્ટેજની સુંદર સજાવટ, કાર્યક્રમની વ્યવસ્થા શ્રી પ્રકાશભાઈ ભટ્ટ, શ્રી હિમાંશુભાઈ દિક્ષીત, શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય, શ્રી બીપીનભાઈ જોશી, શ્રી ભરતભાઈ પંડ્યા વગેરેએ ખૂબ જ અસરકારક રીતે કરી હતી.

**રાયગઢના વતની એવા શ્રી મહેશભાઈ દિક્ષીત રચીત રચના જે સંમેલનમાં તેઓશ્રીને વાંચી હતી તે અહી આપેલ છે.**

મેવાડી અમે ભટ્ટ મેવાડા, ભટ્ટ મેવાડા (૨)
ભય ટાળી, ભવ તરીએ એવા અમે સુભટ્ટો સો ભટ્ટ મેવાડા,
સુભટ્ટ અમે સો ભટ્ટ મેવાડા
ઈષ્ટદેવ છે એકલીંગજી અને કાત્યાયની કુળમાતા (૨)
શ્રદ્ધા સુમન અપર્ણ કરીએ, વંદન કરીએ ભટ્ટ મેવાડા (૨)
પંથે પંથે પથરાયેલા અમે ધર્મ ધજાના રક્ષક (૨)
ઉન્નત થઈને આગળ ભમતા મહેનત કસ અને ભટ્ટ મેવાડા (૨)
રાંક નથી અમે, રાંક નથી આ જ્ઞાતિ બંધુઓ, નથી દયાના યાચક,
હક્કને ખાતર મરી મીટનારા, સ્વાભિમાની અમે ભટ્ટ મેવાડા (૨)
શક્તિશાળી, બુદ્ધિમાન અને સૌ વાતે અમે સમરથ (૨)
પણ વેરઝેર ને કુસંપને લઈ, નિર્બળ લાગે ભટ્ટ મેવાડા (૨)
અને એટલે તો કદાચ આ ષષ્ટમ સંમેલનનો આપણે વિચાર
અને એટલે ષષ્ટમ સંમેનલ ઝુણીને છાતી ગદ ગદ ફુલે છે (૨)
કરૂ વિનંતી આપ સૌને (૨) એક બનીએ ભટ્ટ મેવાડા (૨)
એક નાદ ગુંજવીએ આજે, જય એકલીંગજી, (૨)
કહેતા હળીએ મળીએ ભટ્ટ મેવાડા (૨)

રજીસ્ટ્રેશનની વ્યવસ્થા ખૂબ જ સુંદર રીતે શ્રી પંકજભાઈ ગોર, શ્રી દિલીપભાઈ જોશી, શ્રી યોગેશભાઈ પંડ્યા, શ્રી ભૂપેન્દ્રભાઈ દિક્ષિત, કુ. અંજના ગોર, વર્ષા દવે, પરેશ દવે, ભૂમેશ જોશી, મયૂરભાઈ ભટ્ટ, અલ્પેશ ગોર, હરસિદ્ધ અગ્નિહોત્રી, મિતેશ દવે, જયકૃષ્ણ પંડ્યાએ સંભાળી હતી.

ઉદ્‌ઘોષક તરીકે નડીયાદના શ્રી મહેશભાઈ જોશીએ સેવાઓ આપીને કાર્યક્રમને રસપ્રદ બનાવ્યો હતો.

ભોજનની સુંદર વ્યવસ્થા અને સ્વાદીષ્ટ ભોજનને સૌએ વખાણ્યું. આ માટે ભોજન સમિતિના શ્રી વ્યોમેશભાઈ દિક્ષીત, ડૉ.રાકેશભાઈ ભટ્ટ, શ્રી યોગેશભાઈ ભટ્ટ, શ્રી અમૃતભાઈ ઉપાધ્યાય, શ્રી રાજુલ જોશી, શ્રી ધર્મેન્દ્ર જોશી, શ્રી સોનુ ભટ્ટ, શ્રી મેહુલભાઈ જોશી વગેરે અભિનંદનના અધિકારી છે.

# સંમેલનનાં સંભારણા- વિશેષતાઓ

- સંમેલનની શરૂઆત ઈષ્ટદેવ પૂજ્ય શ્રી એકલિંગજી દાદાની શોભાયાત્રાથી થઈ અને પૂર્ણાહુતી દાદાની સ્તુતિથી મહાઆરતીથી થઈ.
- જ્ઞાતિજનોને આપવામાં આવેલ કીટમાં પૂજ્ય દાદાનો લેમીનેટેડ ફોટો શ્રી યોગેન્દ્રભાઈ પંડયાએ આપેલ હતો. દાદાનો ફોટો જોઈ સૌના હૃદયમાં ઈષ્ટદેવ પ્રત્યેની આસ્થા પ્રગટ થતી હતી.
- રાજસ્થાનના બાંસવાડા, કણબા, ડુંગરપુર વગેરે ગામોમાંથી ઘણી મોટી સંખ્યામાં જ્ઞાતિજનો હાજર રહેલ હતા જે બાબત અતિ મહત્વની બની રહેલ હતી.
- વાગડ અને ગુજરાત વચ્ચેનો વહેવાર વધે તેવી રાજસ્થાનની રજુઆતને સૌએ હર્ષભેર વધાવી લીધી હતી.
- મહાઆરતી નો માહોલ સૌ એકલિંગજીમાં દાદાને પાળે ઉભા હોય તેવો અદ્‌ભુત હતો.
- ડાૅ.જ.મુ.મહેતા છાત્રાલયનું ઉદઘાટન પુજય શ્રી ગૌરીશંકરભાઈના હસ્તે થયું હતું. યોગાનુયોગ ષષ્ટમ સંમલનનું ઉદઘાટન તેમના પુત્ર શ્રી શુકદેવપ્રસાદના હસ્તે કરવામાં આવ્યું હતું.
- પંચમ સંમલનમાં ઉપસ્થિત એવા સર્વ શ્રી અશ્વીનભાઈ ભટ્ટ, શ્રી મનુભાઈ ગીરજાશંકર જોશી, શ્રી હરિભાઈ પુરોહિત, બલીભદ્રભાઈ ભટ્ટ, ચંદ્રવર્દન જોશી જેવા ઘણા મહાનુભાવો ષષ્ઠમ સંમેલનમાં પણ હાજર રહ્યા હતા.
- સમલનમાં ઉપસ્થિત જ્ઞાતિજનો સવારથી સાંજ સુધી હાજર રહ્યા હતા અને સમાજના ઉત્કર્ષ માટે થયેલ કાર્યવાહીને હર્ષભેર વધાવી અનુમોદન આપ્યું હતું.
- સંમેલનમાં ગુજરાતના ગામેગામ વસતા ભટ્ટમેવાડા હાજર રહ્યા હતા તે એક મોટી વિશેષતા હતી.
- સંમેલનના ઉપસ્થિત સૌનો એક જ મંત્ર હતો સમાજનો વિકાસ કરો, એક થાઓ અને ભટ્ટમેવાડા જનના દુઃખમાં દુઃખી અને સુખમાં સુખી થવાની ભાવના કેળવો.

**ભટ્ટ મેવાડા વર્તમાનના વાંચકોની સુવિધા માટે લવાજમ ભરવું, લેખ- સમાચાર મોકલવા, જાહેરાતના બિલના નાણાંનું ચુંકવણું કરવું વગેરે કાર્યો માટે રાજ્યમાં વિવિધ સ્થળોએ પ્રતિનિધિઓ અધિકૃત કર્યા છે. વાંચકો આ સુવિધાનો લાભ ઉઠાવે તેવી અપીલ છે.**

**અમદાવાદ**

(૧) ભટ્ટ મયુરધ્વજ શંકરલાલ
એલ.આઈ.જી.-૨૦, કે. કે. નગર, સેક્ટર-૨, શંકરદા હોલ સામે, ઘાટલોડીયા, અમદાવાદ. ફોન : ૨૭૬૦૪૦૮૯

**વિજાપુર**

(૧) કૌશલભાઈ ઉપેન્દ્રભાઈ પંડ્યા
વહેરાવાસણ, વિજાપુર.

# ષષ્ઠમ્ સંમેલનની રાષ્ટ્રીય સ્તરે નોંધ લેવામાં આવી

તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલ ષષ્ઠમ્ સંમેલનની રાષ્ટ્રીય અખબાર દિવ્ય ભાસ્કરની રાજસ્થાન (ઉદયપુર-બાંસવાડા) આવૃત્તિમાં પણ નોંધ લેવામાં આવેલ. જે શબ્દસહઃ નીચે મુજબ છે.

## शिक्षा पर हुआ मंथन

भास्कर न्यूज

**गांधीनगर में भट्ट मेवाडा समाज का महासम्मेलन, उदयपुर संभाग से सैंकडों समाजजनों ने लिया भाग**

गुजरात के गांधीनगर में आयोजित हिंद भट्ट मेवाडा ब्राह्मण समाज के छठे महासम्मेलन में उदयपुर संभाग से सैकडों समाजजनोनें भाग लिया । प्रवक्ता मुकेश पंड्याने बताया कि संम्मेलनमें वक्ताओनें शिक्षा, मेडिकल व ब्राह्मणों के आरक्षण को लेकर विचारों का आदान-प्रदान किया गया । सम्मेलन में हिद समाज के अध्यक्ष रमेश जोषीने कहा कि नई पीढ़ी को शिक्षा कि लिए अलग से छोटे स्तर पर संस्कार केन्द्र खोलने के बारे में बताया । वक्ताओं ने कहा कि सामाजिक स्तर पर फिजुल खर्ची पर हंमे पाबंदी लगानी होगी । बांसवाड़ा के दिनेश भाईने कहा कि शिक्षा के साथ हमें समाजमें नेतृत्व क्षमता को बढाने की जरुरत है । प्रत्येक व्यक्ति को अपने सामाजिक उत्थान के लिए प्रयत्नशील रहेना चाहिए । कनबा समाज के अध्यक्ष रमेश जोशी व संरक्षक बालकृष्ण जोशी ने भी अपने विचार व्यक्त किए । बैठक में शिक्षण, आरोग्य व रोजगार फंड को लेकर भी चर्चा की गई । इस अवसर पर समाज के अध्यक्ष यशवंत पंड्य, पूर्व सरपंच राजेश पंड्या, सचिव रमेश डी. जोशी, दिनेश पंड्य,



यादवचंद्र पंड्य, पुनीत शर्मा, बालकेश्वर पंड्य, गिरीश जोशी, महेंद्र जोशी सहित कई लोग मौजूद थे ।

## જન્મદિન મુબારક



કથન જે. દિક્ષીત

મમ્મી - પપ્પા
દાદા - દાદી
રીના ફોઈ, મનીષ ફુઆ
મીહીર,
મોટા પપ્પા, મોટી મમ્મી,
મોનાલી, સહજ, હિરલ

## કણીયોલ - હિંમતનગર ભટ્ટ મેવાડા સમાજનું ગૌરવ



મૂળ કણીયોલના વતની અને આર્ટ્સ-કોમર્સ કોલેજ, હિંમતનગરમાં સંસ્કૃતના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા પ્રા. ડૉ. રાકેશ એન. જોષીનું તાજેતરમાં હિંમતનગર કોલજેમાં યોજાયેલ સંસ્કૃત પરિસંવાદમાં 'અક્ષત' સુભાષિતોનો સંગ્રહએ ગ્રંથનું વિમોચન હિંમતનગર કેળવણી મંડળ પ્રમુખશ્રી નાથાલાલ પટેલ તથા મંત્રીશ્રી પ્રહલાદભાઈ સોમાણીના હસ્તે કરવામાં આવ્યું છે. ડૉ. રાકેશભાઈ જોષીનો આ છઠ્ઠો સંગ્રહ છે. તે સુભાષિત સંગ્રહમાં વિદ્યા, જીવન જીવવા વિશેના કેટલાય ઉપયોગી સુભાષિતો સમાયેલા છે. તે માટે કાણીયોલ ગામ ગૌરવ અનુભવે છે અને હિંમતનગર ભટ્ટ મેવાડા સમાજ અભિનંદન પાઠવે છે. તેમની સતત પ્રગતિ થતી રહે તેવી શુભેચ્છા.



# कुर्यात सदा मंगलम्

## કન્યા જોઈએ છે

| | | | |
|---|---|---|---|
| નામ | : સંદીપ દિનેશચંદ્ર પંડ્યા | મનીષ નરેન્દ્રભાઈ દવે | યશેષકુમાર હિતેષકુમાર ભટ્ટ |
| જન્મ તારીખ | : ૨૫-૧૨-૮૭ | ૧૨-૫-૮૧ | ૨૧-૬-૮૬ |
| અભ્યાસ | : એફવાય બીએ, ડીપ.નર્સીંગ | એમ.બી.એ. | બી.કોમ., એમ.કોમ, સીએ, સીએસ અભ્યાસ ચાલુ |
| વ્યવસાય | : પ્રાઈવેટ હોસ્પીટલમાં નોકરી | એચડીએફસી બેંક, ડેપ્યુટી મેનેજર | - |
| માસિક આવક | : ૬,૦૦૦ રૂા. | ૨૮,૦૦૦ રૂા. | - |
| ઊંચાઈ | : ૫'.૮'' | ૫'.૫'' | ૫'.૮'' |
| ગોત્ર | : કૌડિન્ય | કાત્યાયીની | ગૌતમ |
| વતન | : ડુંગરપુર (રાજસ્થાન) | અમદાવાદ | અમદાવાદ |
| રહેઠાણ | : મહુધા | અમદાવાદ | અમદાવાદ |
| સંપર્ક | : દિનેશચંદ્ર પંડ્યા | નરેન્દ્રભાઈ ગોરધનદાસ દવે | હિતેષકુમાર મહેન્દ્રભાઈ ભટ્ટ |
| | ૯૪૨૬૫ ૬૭૮૮૦ | ૯૮૨૫૨ ૮૦૬૪૪, ૨૫૭૩૨૭૦૮ | ૯૭૩૭૨૮૯૬૦૫, ૨૫૩૩૨૯૯૮ |

| | | | |
|---|---|---|---|
| નામ | : નિલેષકુમાર જગદીશચંદ્ર પુરોહિત | ધવલ રાજેન્દ્રકુમાર ગોર | રૂતુલ અશોકકુમાર પંડ્યા |
| જન્મ તારીખ | : ૨-૮-૭૯ | ૧૨-૮-૮૧ | ૨૭-૦૯-૮૪ |
| અભ્યાસ | : બી.એસ.સી. (કેમેસ્ટ્રી) | બી.સી.એ. | ફાયર એન્ડ સેફટી ડીઝાસ્ટર મેને. |
| વ્યવસાય | : એમ.આર. | નોકરી - ખાનગી કંપનીમાં | ફાયર ઓફીસર - રીલાયન્સ ઈન્ડ. લી. |
| માસિક આવક | : રૂા. ૨૧,૦૦૦ | - | - |
| ઊંચાઈ | : ૫'.૫'' | ૫' | ૫'.૮'' |
| ગોત્ર | : શાંડિલ્ય | વત્સત | - |
| વતન | : મોડાસા | દાવડ | નડીયાદ |
| રહેઠાણ | : હિંમતનગર | - | નડીયાદ |
| સંપર્ક | : જગદીશચંદ્ર પુરોહિત | ૯૪૨૯૧ ૩૪૧૮૯ | અશોકકુમાર જશવંતલાલ પંડ્યા |
| | બી-૫૨, વિરાટનગર, હિંમતનગર | | ૨૨૭૨૧૯૬૯, ૯૯૨૫૨ ૨૫૭૧૭ |

## કન્યા જોઈએ છે

| | |
|---|---|
| નામ | : ધ્વનિ ગોપાલ ભટ્ટ |
| જન્મ તારીખ | : ૨૩-૧૧-૮૭ |
| અભ્યાસ | : B.B.A. (Itm), M.B.A. (Finan.) Running |
| વ્યવસાય | : - |
| માસિક આવક | : - |
| ઊંચાઈ | : ૫' |
| ગોત્ર | : ભારદ્વાજ |
| વતન | : ડુંગરપુર |
| રહેઠાણ | : વડોદરા |
| સંપર્ક | : ગોપાલ ભટ્ટ |
| | ૦૨૬૫ - ૨૬૮૦૭૫૮, |
| | ૯૯૨૪૭ ૬૪૨૮૮ |

## વર જોઈએ છે

| | |
|---|---|
| નામ | : મેઘા હિતેષકુમાર ભટ્ટ |
| જન્મ તારીખ | : ૧૨-૪-૮૪ |
| અભ્યાસ | : કોમ્પ્યુટર એન્જિનીયર ડિપ્લોમાં |
| વ્યવસાય | : નોકરી |
| માસિક આવક | : રૂા. ૧૦,૦૦૦ |
| ઊંચાઈ | : ૫'.૧'' |
| ગોત્ર | : ગૌતમ |
| વતન | : અમદાવાદ |
| રહેઠાણ | : અમદાવાદ |
| સંપર્ક | : હિતેષકુમાર મહેન્દ્રભાઈ ભટ્ટ |
| | ૯૭૩૭૨૮૯૬૦૫, |
| | ૨૫૩૩૨૯૯૮ |

આજે જ આપનું લવાજમ બુક કરાવો ફક્ત રૂા. ૫૦/-